ફ્રોઝન ફૂડ વેચતાં 'પીક એન્ડ ઈટ' ના સંચાલક સામે કાયદેસરની કાર્યવાહી

નોન-વેજ ફૂડના સીલ તોડી વેચાણ કરાતું ઝડપાયું

તાંદલજામાં ફૂડ સેફ્ટી વિભાગના સપાટોઃ લોકોના આરોગ્ય સાથે ચેંડા કરતો દુકાનદાર બેનકાબ

નિયમોનું ઉલ્લંઘન કરી ગ્રાહકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરનાર

વડોદરાઃ શહેરમાં ખાદ્યપદાર્થોની ગુણવત્તા અને કાયદાકીય નિયમોના પાલનને લઈને ફૂડ સેફ્ટી વિભાગ દ્વારા કડક ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. વડોદરાના તાંદલજા વિસ્તારમાં આવેલા મકરંદ દેસાઈ રોડ પર ફ્રોઝન નોન-વેજ ફૂડના નિયમ વિરુદ્ધ થતા વેચાણને લઈને ફૂડ સેફ્ટી વિભાગની ટીમ દ્વારા આકસ્મિક દરોડા પાડવામાં આવ્યા હતા. આ સમગ્ર કાર્યવાહી દરમિયાન ફૂડ એક્ટના નિયમોનું સરેઆમ ઉલ્લંઘન સામે આવતા વેપારી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી નોટિસ ફટકારવામાં આવી છે, જેને પગલે વિસ્તારના અન્ય ખાદ્યપદાર્થોના વેપારીઓમાં પણ ફફડાટ વ્યાપી ગયો છે. મળતી વિગતો અનુસાર, તાંદલજાના મકરંદ દેસાઈ રોડ પર અલ મક્કા કોમ્પ્લેક્સની દુકાન નંબર ૨૨માં આવેલી 'પીક એન્ડ ઈટ' નામની દુકાનમાં ફ્રોઝન નોન-વેજ ફૂડનું વેચાણ કરવામાં આવી રહ્યું હોવાની માહિતી ફૂડ વિભાગને મળી હતી. ડેઝિગ્નેટેડ ઓફિસરની સૂચનાના આધારે ફૂડ સેફ્ટી ઓફિસર મંગુભાઈ સિંહ રાઠવા અને તેમની ટીમ દ્વારા આ સ્થળે ઓચિંતું ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. તપાસ દરમિયાન અધિકારીઓને માલૂમ પડ્યું હતું કે દુકાનદાર પાસે ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ હેઠળનું જરૂરી લાયસન્સ ઉપલબ્ધ હતું, પરંતુ કાયદાના નિયમ મુજબ તેને ગ્રાહકો જોઈ શકે તે રીતે જાહેરમાં પ્રદર્શિત કરવામાં આવ્યું ન હતું. લાયસન્સ ડિસ્પ્લે કરવું કાયદાકીય રીતે ફરજિયાત હોવા છતાં આ નિયમનો ભંગ કરવા બદલ દુકાનદારને કડક નોટિસ આપવામાં આવી હતી.

આ ઉપરાંત ચેકિંગ દરમિયાન એક મોટી ગેરરીતિ પણ સામે આવી હતી, જેમાં ફ્રોઝન નોન-વેજ ફૂડના સીલબંધ કંપની પેકેટો તોડીને તેનું ગેરકાયદેસર રીતે છૂટક વેચાણ કરવામાં આવતું હતું. ફૂડ વિભાગના નિયમો અનુસાર પેકિંગમાં આવતા ફ્રોઝન ફૂડને આ રીતે ખુલ્લું કરીને વેચી શકાય નહીં, કારણ કે તેનાથી ખોરાકની ગુણવત્તા બગડવાનો અને લોકોના સ્વાસ્થ્ય માટે ગંભીર જોખમ ઊભું થવાનો ભય રહે છે. આથી, પેકેટ તોડીને છૂટક વેચાણ તાત્કાલિક અસરથી બંધ કરવા અંગે દુકાનદારને કડક સૂચના આપી શેડ્યૂલ ૪ મુજબની નોટિસ ફટકારવામાં આવી હતી.

બંને પક્ષોની ફરિયાદોના આધારે સામસામે ગુના નોંધાયા

અટલાદરામાં પાર્કિંગ મુદ્દે બે પાડોશી પરિવારો વચ્ચે અથડામણ, આઠને ઈજા

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૨ અટલાદરા વિસ્તારમા રહેતા યોગેશભાઈ ફતેસિંહ ચાવડાના જણાવ્યા મુજબ તેઓ નવી ખરીદેલી ઈકો ગાડીમાં એસેસરી કામ કરાવી ઘરે પરત ફર્યા હતા. તે સમયે મહેન્દ્રભાઈ ચાવડાના પુત્ર પવનકુમારની બુલેટ બાઈક જાહેર રસ્તા પર એવી રીતે પાર્ક કરેલી હતી કે ફોર વ્હીલર પસાર થઈ શકે તેમ ન હતું. હોર્ન મારવા છતાં કોઈ બહાર ન આવતા તેમણે બાઈક સાઈડમાં મૂકી પોતાની ગાડી પાર્ક કરી હતી. ત્યારબાદ પવનકુમાર બહાર આવતા પાર્કિંગ મુદ્દે બંને વચ્ચે બોલાચાલી થઈ હતી. જેમા પવનકુમાર, મહેન્દ્ર ચાવડા, દેવ ચાવડા, મિલન ચાવડા, વિનોદ ચાવડા અને શ્રીજીત સહિતના પરિવારજનો એકસંપ થઈ યોગેશભાઈ અને તેમના પરિવારજનો પર તૂટી પડ્યા હતા. ઈંટ અને સ્ટીલની પાઈપ વડે હુમલો થતાં યોગેશભાઈ, તેમના ભાઈ દિપક ઉર્ફે અજય, પિતા ફતેસિંહ, ભાભી હિરલબેન, ભત્રીજા નિલેશ, ભત્રીજી કૃપા અને મોટા પપ્પા સોમાભાઈને ઈજાઓ પહોંચી હતી. હુમલામાં તેમની ઈકો કારના કાચને પણ નુકસાન થયું હોવાનું જણાવાયું છે. તમામ ઈજાગ્રસ્તોને સારવાર માટે બીએપીએસ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. બીજી તરફ પવનકુમાર મહેન્દ્રસિંહ ચાવડાએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે છેલ્લા એક વર્ષથી દિપકભાઈ ઉર્ફે અજય ચાવડા તેમના ઘરની સામે ગેરેજનું કામ કરે છે અને મોટી ગાડીઓ પાર્ક થતી હોવાના કારણે અગાઉ પણ પાર્કિંગ મુદ્દે વિવાદ થયો હતો. ઘટનાના દિવસે યોગેશભાઈ અને તેમના સાથીઓએ ગાળાગાળી કરી ઝપાઝપી શરૂ કરી હતી. યોગેશભાઈએ ઈંટના ટુકડા ફેંકી તેમને ઈજા પહોંચાડી હતી. ઉપરાંત દિપક ઉર્ફે અજયે તેમની માતા રેખાબેનના માથામાં ઈંટ મારી હતી, જ્યારે સ્મિત સોલંકીએ તેમની પત્ની કોમલબેનના નાકના ભાગે ઈજા પહોંચાડી હતી. વિશાલ ચાવડા અને નિલેશ ચાવડાએ તેમના કાકાની ઈકો ગાડી તેમજ ઘરના બારીના કાચ તોડી નુકસાન પહોંચાડ્યું હોવાનું પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ઈજાગ્રસ્તોને સારવાર માટે બીએપીએસ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. અટલાદરા પોલીસે બંને પક્ષોની ફરિયાદોના આધારે સામસામે ગુના નોધી કાર્યવાહી હાથ ધરી છે.

સસ્તુ સોનુ અને ૧૦ કરોડની લોનના નામે ઠગાઈ

રૂ.૪.૯૨ કરોડની છેતરપિંડીના કેસમાં જામીન અરજી ફગાવાઈ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૨ વડોદરાના જે.પી. રોડ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા કરોડો રૂપિયાની છેતરપિંડીના ગુનામાં સંડોવાયેલા આરોપી રૂપેશ એકનાથ સાવંતની નિયમિત જામીન અરજી સેશન્સ કોર્ટે નામંજૂર કરી છે. કોર્ટે કેસની ગંભીરતા, છેતરપિંડીની રકમ અને ગુનાની પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને આરોપીને રાહત આપવાનો ઇનકાર કર્યો છે. થાણે જિલ્લાના રહેવાસી અને હાલ વડોદરા સેન્ટ્રલ જેલમાં બંધ આરોપી રૂપેશ એકનાથ સાવંતે નિયમિત જામીન માટે અરજી કરી હતી. જોકે 12મા એડિશનલ સેશન્સ જજે અરજીમાં રજૂ કરાયેલા કારણો અને કેસના રેકોર્ડની સમીક્ષા કર્યા બાદ અરજી ફગાવી દીધી હતી. આ કેસની વિગત મુજબ માર્ચ-2025થી શરૂ થયેલી ઘટનામાં વડોદરાના સીગ્નેટ હબ અને એટલાન્ટિક હાઈટ્સ સ્થિત ઓફિસોમાંથી કામગીરી કરતી રાધે એન્ટરપ્રાઈઝ ઈમ્પોર્ટ એક્સપોર્ટ એન્ડ ફાઈનાન્સ સાથે સંકળાયેલા આરોપીઓએ ફરિયાદીને સસ્તુ સોનું અપાવવાની અને રૂ.10 કરોડની લોન મંજૂર કરાવવાની લાલચ આપી હતી. મુખ્ય આરોપી રાજવીર અને તેના સાગરિતોએ સસ્તુ સોનું અપાવવાના બહાને ફરિયાદી પાસેથી રૂ.4.61 કરોડ મેળવ્યા હતા. સહઆરોપી વિશાલ બારડે પોતે લોન એજન્ટ હોવાનું જણાવી બેંક મેનેજરને કમિશન આપવા માટે એડવાન્સ રકમની જરૂર હોવાનું કહી રૂ.31 લાખ પડાવ્યા હતા. વધુમાં આક્ષેપ કરાયો કે આરોપીઓએ કાવતરું રચી ફરિયાદી પાસેથી રૂ.4.92 કરોડની રકમ મેળવી હતી. નક્કી કરાયેલું સોનું આપવામાં આવ્યું ન હતું તેમજ વચન મુજબ લોન પણ અપાવવામાં આવી ન હતી. એટલું જ નહીં, ફરિયાદીને ગેરમાર્ગે દોરવા માટે બનાવટી પોલીસ ઉભી કરી વિશ્વાસઘાત કરવામાં આવ્યો હોવાનો પણ આક્ષેપ નોંધાયો છે.

ગરમીનો પારો ૩૮.૪ ડિગ્રીએ પહોંચ્યો

(પ્રતિનિધિ) વડોદરા,તા.22 ચોમાસાના આગમન પહેલાં જ વડોદરા શહેરમાં ગરમીનો પ્રકોપ યથાવત્ રહ્યો છે. સોમવારે શહેરનું મહત્તમ તાપમાન 38.4 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જે સામાન્ય કરતાં 2.2 ડિગ્રી વધુ છે. રાત્રિનું લઘુત્તમ તાપમાન પણ 30.0 ડિગ્રીએ પહોંચી ગયું હતું, જે સામાન્ય કરતાં 2.6 ડિગ્રી ઊંચું છે. રાત્રે પણ ગરમી અને બફારાથી લોકો હેરાન પરેશાન થયા હતા. હવામાન વિભાગના આંકડા મુજબ, છેલ્લા 24 કલાક દરમિયાન શહેરમાં વરસાદ નોંધાયો નથી. સવારે ભેજનું પ્રમાણ 63% હતું, જ્યારે સાંજે તે ઘટીને 44% થયું હતું. ભેજ અને ગરમીના કારણે લોકોએ બફારાનો અનુભવ કર્યો હતો. દરમિયાન હવામાન વિભાગે આગામી દિવસો માટે રાહતની શક્યતા વ્યક્ત કરી છે. આગામી 7 દિવસની આગાહીમાં વડોદરા શહેરમાં ગાજવીજ સાથે વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. વિભાગે 40થી 50 કિમી પ્રતિ કલાકની ઝડપે ફૂંકાતા ઠંડરસ્ટોર્મની ચેતવણી પણ જાહેર કરી છે.

સાધલીના વુડા આવાસમાં મોટું કૌભાંડ ?

ગરીબો પાસેથી રૂા. ૫,૦૦૦ ઉઘરાવી છેતરપિંડીના આક્ષેપ સાથે રજૂઆત

સ્થાનિક ગરીબો વંચિત, વગદારોને મકાનો ફાળવી દેવાયાનો ગંભીર આક્ષેપ



(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૨ શહેરના દિવાળીપુરા સ્થિત નવીન કલેક્ટર કચેરી ખાતે આજે શિનોર તાલુકાના સાધલી ગામના ગ્રામજનોએ એકઠા થઈને ભારે આક્રોશ વ્યક્ત કર્યો હતો. સાધલી ગામમાં વડોદરા અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી (VUDA) દ્વારા ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારો માટે બનાવવામાં આવેલા આવાસ યોજનાના મકાનોની ફાળવણીમાં વ્યાપક ભ્રષ્ટાચાર અને ગેરરીતિ થઈ હોવાના ગંભીર આક્ષેપો સાથે ગ્રામજનોએ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર સુપરત કર્યું હતું. ન્યાયની ગુહાર લગાવવા આવેલા સ્થાનિક રહીશોએ તંત્ર સામે રોષ ઠાલવતા જણાવ્યું હતું કે, સરકારી યોજનાઓ માત્ર કાગળ પર જ સીમિત રહી ગઈ છે અને જરૂરિયાતમંદો સુધી તેનો વાસ્તવિક લાભ પહોંચતો નથી. ગ્રામજનોએ આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, વુડા આવાસના મકાનો ફાળવવામાં મોટું કૌભાંડ આચરવામાં આવ્યું છે. આવાસ યોજનાના નામે લાયક અને અત્યંત ગરીબ પરિવારો પાસેથી વહીવટદારો દ્વારા માત્ર ૫,૦૦૦ ઉઘરાવી લેવામાં આવ્યા હતા. જો કે, પૈસા લીધા બાદ પણ સ્થાનિક ગરીબોને આવાસ આપવાના બદલે, તેમના હક્કના મકાનો અન્ય પરપ્રાંતીય અથવા વગદાર લોકોને બારોબાર ફાળવી દેવામાં આવ્યા છે. જ્યારે વર્ષોથી સાધલી ગામમાં કાચા મકાનો અને ઝૂંપડામાં રહીને ગુજરાન ચલાવતા સ્થાનિક ગરીબ પરિવારોને આ મહત્વાકાંક્ષી આવાસ યોજનાના લાભથી તદ્દન વંચિત રાખી દેવામાં આવ્યા છે, જે સીધો અન્યાય છે. સ્થાનિક રહીશોના જણાવ્યા મુજબ, આવાસ ફાળવણીની આ ગેરરીતિ અંગે અગાઉ પણ સ્થાનિક કક્ષાએ અને વહીવટી તંત્રને લેખિતમાં અનેક રજૂઆતો કરવામાં આવી હતી. સાધલી ગામના લોકોએ વહીવટી તંત્રને સ્પષ્ટ ચીમકી ઉચ્ચારી છે કે જો આ કથિત આવાસ કૌભાંડની તટસ્થ અને ત્વરિત તપાસ કરી લાયક સ્થાનિક લાભાર્થીઓને મકાન ફાળવવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં ગાંધી ચિંધ્યા માર્ગે ઉગ્ર આંદોલન છેડવામાં આવશે.

વીડિયો વાયરલ થતાં તંત્રની કામગીરી સામે ઉઠ્યા

ST બસ સમા બ્રિજથી ઊર્મિ સ્કૂલ તરફ રોંગ સાઈડમાં દોડી

(પ્રતિનિધિ) વડોદરા,તા.22 વડોદરા શહેરમાં ટ્રાફિક નિયમોના ઉલ્લંઘનનો વધુ એક ચોંકાવનારો વીડિયો સામે આવ્યો છે. સમા બ્રિજ વિસ્તારમાં રોંગ સાઈડમાં વાહનો જતા અટકાવવા માટે તંત્ર દ્વારા પ્રતિબંધ મૂકવામાં આવ્યો હોવા છતાં, સરકારી GSRTCની એક બસ બિન્દાસ્ત રોંગ સાઈડ લઈને ઊર્મિ સ્કૂલ તરફ પુરપાટ દોડતી જોવા મળી હતી. આ ઘટનાનો વીડિયો હાલ સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યો છે.

આ ઘટના રાત્રી દરમિયાન બની હતી. સરકારી બસના ચાલકે તમામ નિયમોને નેવે મૂકીને વન-વે રસ્તા પર સામેથી રોંગ સાઈડમાં બસ દોડાવી હતી. તે સમયે રસ્તા પર અન્ય વાહનોની પણ અવરજવર હતી, જેના કારણે મોટો અકસ્માત સર્જાવાની શક્યતા હતી. દરમિયાન ત્યાંથી પસાર થઈ રહેલા એક જાગૃત નાગરિકે પોતાના મોબાઈલમાં આ સમગ્ર ઘટનાનો વીડિયો કેદ કરી લીધો હતો. નાગરિકે લોકજાગૃતિ માટે આ વીડિયો સોશિયલ મીડિયા પર શેર કરતા જ જોતજોતામાં વાયરલ થઈ ગયો હતો. વીડિયો વાયરલ થતાની સાથે જ શહેરીજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકો સવાલ ઉઠાવી રહ્યા છે કે, સામાન્ય નાગરિક પાસેથી ટ્રાફિક નિયમોનું ચુસ્તપણે પાલન કરાવતું તંત્ર સરકારી બસના ચાલકને ક્યારે કાયદાનું ભાન કરાવશે? જ્યારે તંત્ર જ નિયમો તોડશે તો સામાન્ય પ્રજા પાસેથી નિયમ પાલનની અપેક્ષા કેવી રીતે રાખી શકાય? પ્રતિબંધ મૂક્યા બાદ તેનું પાલન કરાવવાની સંપૂર્ણ જવાબદારી કોની?

કોર્ટના આદેશ બાદ વરણામા પોલીસે ત્રણ લોકો સામે ગુનો નોંધ્યો

કપુરાઈની જમીનનુ બનાવટી પેઢીનામું બનાવી રૂા.૯૭ લાખમા વેચી નંખાઈ

કાયદેસરના વારસદારોના નામ છુપાવી જમીનમા 17 વારસદારોના નામ ચડાવ્યાનો આરોપ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૨ વડોદરા તાલુકાના કપુરાઈ ગામની કિંમતી જમીનના વારસાઈ હક્કને લઈને બનાવટી દસ્તાવેજો ઉભા કરી જમીન વેચી નાખવાના આક્ષેપ કરાયો છે. કોર્ટના આદેશ બાદ વરણામા પોલીસ સ્ટેશનમાં ત્રણ વ્યક્તિઓ સામે ઠગાઈનો નોંધવામાં આવ્યો છે. વડોદરા જિલ્લાના કપુરાઈ ગામમાં નવીનગરી ખાતે રહેતા ભીખાભાઈ ઉમરભાઈ દિવાન (ઉ.વ. 71)એ નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમના નાના રહેમાનશા ભુરાશા દિવાનના નામે કપુરાઈ ગામે આવેલ બ્લોક નં. 475 (જુનો સર્વે નં. 759) જમીન હતી. રહેમાનશાના અવસાન બાદ તેમની પત્નીઓ અને સંતાનો સહિતના કાયદેસરના વારસદારોમાં તેમની માતા નન્નુબેનનો પણ હક્ક હતો. નન્નુબેનના અવસાન બાદ તે હક્ક તેમને મળતો હોવા છતાં આરોપીઓ દ્વારા કાવતરું રચી વારસદારોના નામો છુપાવ્યા હોવાનો આક્ષેપ કરવામા આવ્યો છે. આરોપી હઝરતશા ઈમામશા દિવાને તા. 15 સપ્ટેમ્બર 2021ના રોજ મહેસૂલી તલાટી સમક્ષ પેઢીનામું રજૂ કરી તેમાં માત્ર ઉમરાવબેન અને હુસેનશાના નામ દર્શાવ્યા હતા, જ્યારે શકીનાબેન, બીબીબેન, સુભાનબેન, નન્નુબેન અને મદીનાબેન જેવા અન્ય કાયદેસરના વારસદારોના નામો દર્શાવવામાં આવ્યા નહોતા. આ બનાવટી પેઢીનામામાં સાક્ષી તરીકે રાવજીભાઈ માધવભાઈ પરમાર અને સદ્દામશા કાલુશા દિવાને સહીઓ કરી છે. આ પેઢીનામાના આધારે જમીનની નોંધ નં. 5438 દાખલ કરાવી આરોપીએ પોતાના સહિત 17 વારસદારોના નામ ચડાવ્યા હતા. ત્યારબાદ તા. 27 ડિસેમ્બર 2024ના રોજ નોંધાયેલા વેચાણ દસ્તાવેજ મારફતે આશરે રૂ. 97 લાખમાં જમીન મફત પોલાભાઈ ભરવાડને વેચી દેવામાં આવી હોવાનું જણાવાયું છે. જેથી તેમણે આ મામલે અગાઉ કોર્ટમાં અરજી કરી હતી. જેના અનુસંધાને નામદાર કોર્ટે તા. 26 મે 2026ના રોજ આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધવાનો આદેશ આપતાં વરણામા પોલીસ સ્ટેશનમાં હઝરતશા ઈમામશા દિવાન, રાવજી માધવ પરમાર અને સદ્દામશા કાલુશા દિવાન સામે ગુનો નોંધી હાલ આરોપીઓની ધરપકડ કરવાના ચક્રો ગતિમાન કરાયા છે.

એન્જિનમાં શોર્ટ સર્કિટ હોવાનું પ્રાથમિક અનુમાન

મહારાણી કન્યા વિદ્યાલયના ગેટ બહાર કારમાં ભીષણ આગ

(પ્રતિનિધિ) વડોદરા,તા.22 વડોદરા શહેરના રાવપુરા વિસ્તારમાં આવેલી મહારાણી કન્યા વિદ્યાલયના મુખ્ય ગેટ બહાર પાર્ક કરેલી એક કારમાં આજે અચાનક આગ લાગતા ભારે અફરાતફરી મચી ગઈ હતી. જોકે, ફાયરબ્રિગેડના જવાનોએ સ્થળ પર પહોંચી આગ પર કાબુ મેળવી લીધો હતો. સદનસીબે કોઈ હાજર નહિ હોવાથી જાનહાનિ થતા ટળી હતી. મહારાણી કન્યા વિદ્યાલયના પાછળના ભાગે દાંડિયા બજાર ત્રણ રસ્તા નજીક ગેટ બહાર પાર્ક કરેલી કારમાંથી એકાએક ધુમાડા નીકળવા લાગ્યા હતા. જોતજોતામાં કારના આગળના ભાગે આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું અને ગણતરીની મિનિટોમાં આખું બોનેટ આગની લપેટમાં આવી ગયું હતું. ઘટનાને પગલે રસ્તા પરથી પસાર

થતા વાહનચાલકો પણ ગભરાઈને રોકાઈ ગયા હતા. સ્થળ પર લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા. સદનસીબે બનાવ સમયે કારમાં કોઈ હાજર ન હોવાથી મોટી જાનહાનિ થતા ટળી હતી. સ્થાનિક લોકોએ તાત્કાલિક ફાયર બ્રિગેડને જાણ કરી હતી. બનાવની જાણ થતાં જ ફાયર બ્રિગેડના જવાનો ગણતરીની મિનિટોમાં સ્થળ પર દોડી આવ્યા હતા અને પાણીનો મારો ચલાવીને ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો.

વડોદરા પાલિકામાં 'યુઝ એન્ડ થ્રો'ની નીતિ ?

૮-૯ વર્ષથી સેવા આપતા ૮૦ થી વધુ કેશિયરોને એકાએક છૂટા કરાતાં હોબાળો

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૨ વડોદરા મહાનગરપાલિકાની અલગ-અલગ વોર્ડ કચેરીઓ અને મુખ્ય કચેરી ખાતે વર્ષોથી પ્રામાણિકતાપૂર્વક ફરજ બજાવતા કોન્ટ્રાક્ટના કર્મચારીઓ સાથે વહીવટી તંત્ર દ્વારા ઓરમાયું વર્તન કરવામાં આવ્યું હોવાનો સનસનાટીભર્યો મામલો સામે આવ્યો છે. પાલિકાના સૌથી મહત્વના ગણાતા કેશ વિભાગમાં ખાનગી એજન્સીના કોન્ટ્રાક્ટ હેઠળ કેશિયર તરીકે ફરજ બજાવતા ૮૦ થી વધુ કર્મચારીઓની નોકરી પર અચાનક તલવાર લટકી ગઈ છે. તંત્ર દ્વારા આગામી મહિનાથી આ કર્મચારીઓને નોકરી પર ન આવવા માટેનું ફરમાન સંભળાવી દેવામાં આવતા કર્મચારી આલમમાં ભારે ફફડાટ અને રોષ વ્યાપી ગયો છે. વર્ષોની સેવા બાદ અચાનક રસ્તા પર લાવી દેવાના આ વહીવટી નિર્ણય સામે આજે તમામ કર્મચારીઓનો મોરચો પાલિકાની

મુખ્ય કચેરીએ ઉમટી પડ્યો હતો. છેલ્લા ૮ થી ૯ વર્ષ જેટલા લાંબા સમયથી પાલિકાની તિજોરીની વસૂલાત સંભાળતા આ કર્મચારીઓ સાથે વહીવટી તંત્ર માત્ર 'યુઝ એન્ડ થ્રો' (વાપરો અને ફેંકો) ની નીતિ અપનાવી રહ્યું હોય તેવો ઘાટ સર્જાયો છે. આક્રોશિત કર્મચારીઓએ જણાવ્યું હતું કે, જ્યારે કોરોના જેવી વૈશ્વિક મહામારી ચાલી રહી હતી ત્યારે જીવના જોખમે અમે પાલિકાની કેશ વિન્ડો ચાલુ રાખીને કરોડો રૂપિયાની ટેક્સ વસૂલાત કરી આપી હતી. આજે જ્યારે મોંઘવારી આસમાને છે, ત્યારે કોઈ પણ પૂર્વ નોટિસ આપ્યા વિના, એકાએક રોજીરોટી છીનવી લેવાનો આ નિર્ણય તદ્દન અમાનવીય અને ગેરકાનૂની છે. નોકરી બચાવવા અને ન્યાય મેળવવા માટે તમામ ૮૦ થી વધુ કર્મચારીઓએ એકત્રિત થઈને વડોદરા મહાનગરપાલિકાના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર ઋતુરાજ દેસાઈની ચેમ્બરમાં રૂબરૂ મુલાકાત લીધી હતી અને ધારદાર રજૂઆતો સાથેનું આવેદનપત્ર સુપ્રત કર્યું હતું.

સુરતના શખસ પાસેથી ગાંજો મેળવ્યાનું આરોપીનું રટણ

માંજલપુર ખાતે ઘરમાં ગાંજાનું વેચાણ કરતો શખસ ઝબ્બે, સપ્લાયર વોન્ટેડ

પવનનગર વિસ્તારમાંથી 496.60 ગ્રામ ગાંજો જપ્ત, સપ્લાયર વોન્ટેડ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૨ વડોદરા ક્રાઈમ બ્રાન્ચે માદક પદાર્થોના વેપાર સામેની ઝુંબેશ હેઠળ માંજલપુર વિસ્તારમાં કાર્યવાહી કરીને એક આરોપીને ગાંજાના જથ્થા સાથે ઝડપી પાડ્યો છે. પોલીસે આરોપીના મકાનમાંથી 496.60 ગ્રામ ગાંજો અને મોબાઈલ ફોન મળી રૂ.25 હજારનો મુદ્દામાલ કબજે કરી NDPS એક્ટ હેઠળ ગુનો નોંધ્યો છે. વડોદરા શહેર ક્રાઈમ બ્રાન્ચની ટીમ માદક પદાર્થોના વેચાણ અને હેરાફેરી સામે સતત કાર્યવાહી કરી રહી છે. દરમિયાન ક્રાઈમ બ્રાન્ચને બાતમી મળી હતી કે માંજલપુરની જી.આઈ.ડી.સી. કોલોનીના પવનનગર વિસ્તારમાં રહેતો આફતાબઆલમ ઉર્ફે લંબુ અનવર અંસારી પોતાના

મકાનમાં ગાંજો રાખી વેચાણ કરે છે. માહિતીના આધારે પોલીસે દરોડો પાડી તેના રહેણાંક મકાનની તપાસ કરતા પ્રથમ માળે રૂમમાં કપડાં વચ્ચે સંતાડેલો રૂપિયા 24 હજારનો 496.60 ગ્રામ ગાંજો મળી આવ્યો હતો. પૂછપરછમાં આરોપીએ ગાંજો સુરતના અશ્વીનીકુમાર સ્મશાનઘાટ નજીક રેલવે લાઈન પાસે મળેલા અજાણ્યા શખ્સ પાસેથી મેળવ્યો હોવાનું જણાવ્યું હતું.

૧૫ ઉચ્ચ અધિકારીઓ સહિત વિવિધ મહાનુભાવો બાળકોને શાળા પ્રવેશ કરાવશે

આજથી આગામી ૨૫ જૂન સુધી શાળા પ્રવેશ મહોત્સવ યોજાશે

સરકારી શાળામાં બાળકોના પ્રવેશ પ્રત્યે જાગૃતિ કેળવવામાં આવશે

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૨ વડોદરા જિલ્લા સહિત સમગ્ર રાજ્યમાં આજથી આગામી તા.૨૫ જૂન સુધી ૨૪મા શાળા પ્રવેશોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવનારી છે. સરકારી શાળાઓમાં બાળકોના નામાંકનને વધારવા અને શિક્ષણના સ્તરને વધુ મજબૂત કરવાના આશયથી વડોદરા જિલ્લામાં પણણ આ ત્રિ-દિવસીય મહોત્સવનું સુદ્રઢ આયોજન કરવામાં આવ્યું છે.

આ વર્ષે કાર્યક્રમને પ્રભાવશાળી બનાવવા માટે વડોદરા જિલ્લામાં રાજ્ય કક્ષાના ૧૫ જેટલા ઉચ્ચ અધિકારીઓ અને મહાનુભાવો વડોદરા જિલ્લાની ખાસ મુલાકાત લેશે અને વિદ્યાર્થીઓને ઉત્સાહભેર શાળામાં પ્રવેશ કરાવશે. આ તમામ મહાનુભાવો અને વરિષ્ઠ અધિકારીઓ જિલ્લાના વિવિધ વિસ્તારોમાં સરળતાથી પહોંચી શકે તે માટે શિક્ષણ વિભાગ દ્વારા કુલ ૧૪૨ રૂટ નક્કી કરવામાં આવ્યા છે. આ મહોત્સવ દરમિયાન મહાનુભાવો દ્વારા વિદ્યાર્થીઓને પ્રવેશોત્સવની ખાસ શૈક્ષણિક કિટ એનાયત કરવામાં આવશે. આ સાથે જ કાર્યક્રમ અંતર્ગત મહાનુભાવો દ્વારા શાળાની એસએમસી કમીટી સાથે બેઠક યોજી શિક્ષણ વિભાગની વિવિધ કલ્યાણકારી અને પ્રોત્સાહક યોજનાઓ વિશે માહિતગાર કરીને સરકારી શાળામા બાળકોના પ્રવેશ પ્રત્યે જાગૃતિ કેળવવામાં આવશે.

અત્રે નોંધનિય છે કે, આ ૨૪મા શાળા પ્રવેશોત્સવ અંતર્ગત વડોદરા જિલ્લામાં આંગણવાડીથી લઈને ધોરણ ૧૧ સુધીના કુલ ૪૯,૦૮૭ વિદ્યાર્થીઓ ઉત્સાહભેર પ્રવેશ મેળવશે.જેમાં આંગણવાડીમાં ૫,૫૦૪ (૨૮૦૦ કુમાર, ૨૭૦૪ કન્યા), બાલવાટિકામાં ૧૧,૧૦૯ (૫૫૦૭ કુમાર, ૫૬૦૨ કન્યા) અને ધોરણ ૧માં ૧૦,૮૫૮ (૫૨૯૦ કુમાર, ૫૫૬૮ કન્યા) બાળકો પ્રથમ વખત શાળાના પગથિયાં ચડશે. આ ઉપરાંત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્તરે ધોરણ ૯માં ૧૪,૯૪૧ (૭૮૯૩ કુમાર, ૭૦૮ કન્યા) તેમજ ધોરણ ૧૧માં ૬,૬૭૫ (૩૩૪૦ કુમાર, ૩૩૩૫ કન્યા) વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવીને પોતાના આગળના અભ્યાસની શરૂઆત કરશે.

સરકારી કર્મચારી સાથે ઝઘડો કરનાર શખ્સ સામે ગુનો દાખલ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૨ વડોદરા શહેરના દરબાર ચોકડીથી સર્કલ વચ્ચે આવેલા કોમ્પ્લેક્સમાં વસ્તી ગણતરીની કામગીરી માટે ગયેલી મહિલા સરકારી કર્મચારી સાથે દુર્વ્યવહાર અને સરકારી કામમાં અવરોધ ઉભો કર્યાનો બનાવ સામે આવ્યો છે. માહિતી મુજબ, મહિલા કર્મચારી ડ્રીમલેન્ડ કોમ્પ્લેક્સમાં આવેલી એન્જલ એન્ટરપ્રાઈઝ ખાતે વસ્તી ગણતરીની કામગીરી માટે પહોંચી હતી. આ દરમિયાન દુકાનના સંચાલક તરીકે હાજર એક વ્યક્તિએ તેમની સાથે ઉગ્ર બોલાચાલી કરી હતી.

આરોપ છે કે તેણે મહિલા કર્મચારીને અપશબ્દો કહી ગાળાગાળી કરી તેમજ સરકારી ફરજ બજાવવામાં રોકાવટ ઉભી કરી હતી. ઘટનાને પગલે મહિલા કર્મચારીએ પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

તાલુકા પોલીસ દ્વારા ધરપકડ કરી દુષ્કર્મીને જેલ ભેગો કરી દેવાયો

લગ્નની લાલચ આપી યુવતીને પરીણીત યુવકે ગર્ભવતી બનાવી

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૨ ભાયલી સેવાની રોડ પર એક યુવતીને લગ્નની લાલચ આપી પરિણીત યુવકે પ્રેમજાળમા ફસાવી હતી. ત્યારબાદ તેણીની સાથે દુષ્કર્મ ગુજારીને ગર્ભવતી બનાવી દીધો બાદ લગ્ન નહી કરી તરછોડી હતી. આ વાતની કોઈને જાણ કરી તો જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી હતી. આખરે યુવતીએ તાલુકા પોલીસના ફરિયાદ નોધાવતા પોલીસે આરોપીની ધરપકડ કરી જેલ હવાલે કર્યો હતો.

પોલીસમાંથી મળતી માહિતી મુજબ, વડોદરા તાલુકા પોલીસ સ્ટેશનમાં આવેલા ભાયલી વિસ્તારમા દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના દાભડા ગામના રહેવાસી રાકેશ શનુ બારીયા કન્સ્ટ્રક્શન સાઈટ પર કામ કરતો હતો ત્યારે તેણે આ રાકેશ બારીયાએ પરીણીત હોવા છતા કુમારી યુવતીને પ્રેમજાળમા ફસાવી હતી. જેથી આરોપી યુવતીને લગ્નની લાલચ આપીને તેણીની સાથે બળજબરીપૂર્વક બળાત્કાર ગુજાર્યો હતો. જેમા યુવતીને ગર્ભ રહી જતા તેણી ગર્ભવતી બની ગઈ હતી. આખરે આરોપીએ યુવતીને તરછોડી દીધી હતી અને લગ્ન પણ કરતો ન હતો. ઉપરાંત આરોપીએ યુવતીને આ ઘટનાની જાણ કોઈને કરાશે તો યુવતીના માતા-પિતાને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. આખરે યુવતીએ તા. 21 જૂનના રોજ વડોદરા તાલુકા પોલીસ સ્ટેશન ખાતે આરોપી વિરુદ્ધ ફરિયાદ નોંધવામાં આવી હતી. પોલીસે ગુનો નોંધ્યા બાદ આરોપી રાકેશ શનુ બારીયાની ધરપકડ કરી હતી. પોલીસે આરોપીને કોર્ટમા રજૂ કર્યો હતો ત્યારે મેજિસ્ટ્રેટ દ્વારા આરોપીને જેલ હવાલે કરવાનો હુકમ કરાતા પોલીસે તેને જ્યુડિશિયલ કસ્ટડીમા મોકલી આપ્યો છે.